## ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર

## કપાસની ખેતી પધ્ધતિ માટે અઠવાડિક સલાહ (૧૩ થી ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૬)

**"આ સલાહ જે તે રાજયની કૃષિ યુનિવર્સિટીઓ પાસેથી મળેલ માહિતી મુજબ પ્રસિધ્ધ કરેલ છે"**

### ખેત આબોહવા સલાહ

| | અઠવાડિક ૧ થી ૭ સપ્ટે.–૨૦૧૬ | વાસ્તવિક વરસાદ | | | | | | | ભારતીય હવામાન શાખાની આગાહી | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સપ્ટેમ્બર–૧૬ | | | | | | | સપ્ટેમ્બર–૧૬ | | | | |
| **તારીખ** | **૧૮–૨૪** | **૭** | **૮** | **૯** | **૧૦** | **૧૧** | **૧૨** | **૧૩** | **૧૪** | **૧૫** | **૧૬** | **૧૭** | **૧૮** |
| **ગુજરાત** | | | | | | | | | | | | | |
| અમરેલી | ૨.૭ | ૧.૭ | ૦ | ૧.૭ | ૫.૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૬ | ૧૨ | ૪૪.૩ |
| ભાવનગર | ૨૮.૨ | ૧૫ | ૪.૯ | ૦.૨ | ૦.૨ | ૧.૧ | ૦ | ૦ | ૦ | ૫ | ૮ | ૧૨ | ૫૩.૫ |
| જામનગર | ૨.૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૭ | ૧૦ | ૭.૬ |
| રાજકોટ | ૪.૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૭ | ૧૦ | ૧૬.૧ |
| ભરૂચ | ૯ | ૦.૭ | ૫.૯ | ૩.૫ | ૦ | ૦ | ૦ | ૦.૨ | ૦ | ૮ | ૧૦ | ૧૨ | ૬૬.૯ |
| સાંબરકાંઠા | ૧૯.૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૫ | ૦ |
| સુરેન્દ્રનગર | ૧૬.૨ | ૪.૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૫ | ૮ | ૪૫.૯ |
| અમદાવાદ | ૨૨ | ૧.૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૭ | ૮ | ૦ |
| વડોદરા | ૧૯.૩ | ૪.૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ | ૭ | ૮ | ૧૧.૯ |
| પાટણ | ૮.૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ | ૧૦ | ૦.૭ |
| મહેસાણા | ૧૨.૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ | ૧૦ | ૦.૯ |

**સલાહ**

સુરત અને આજુબાજુનાં વિસ્તારમાં ઝરમર ઝરમર વરસાદ પડતાં દવા છંટકાવમાં મુશ્કેલી પડેલ હતી. ભરૂચ જિલ્લામાં નવ ગામડામાં મોજણી કરતાં લીલાં તડતડીયા અને થ્રીપ્સનો ઉપદ્રવ આર્થિક ક્ષમ્ય માત્રાથી ઓછો જોવા મળ્યો હતો. પીપલીયાં ગામડાનાં એક સ્થળે મીલી બગનો ઉપદ્રવ ગ્રેડ–૨ જેટલો નોંધાયેલ હતો. લીંબજ, સામલોડ અને બંબુસર ગામડાઓમાં ૧ થી ૨ સ્થળોએ કપાસની બીજી–૨ સંકર જાતોમાં ફુલોમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ આર્થિક ક્ષમ્ય માત્રાથી વધુ જોવા મળેલ હતો. ગુજરાતનાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં પાક મહત્તમ ફુલ અવસ્થાએ છે. ૧૫ ગામડાઓમાં મોજણી કરતાં સફેદ માખીનો ઉપદ્રવ આર્થિક ક્ષમ્ય માત્રાથી ઓછો જયારે લીલાં તડતડીયા (૫ થી ૭ પ્રતિ ૩ પાનો પ્રતિ છોડ) અને થ્રીપ્સ (૮ થી ૧૦ પ્રતિ છોડ) નો ઉપદ્રવ આર્થિક ક્ષમ્ય માત્રાથી વધુ જોવા મળેલ હતો. મીલીબગનો ઉપદ્રવ આર્થિક ક્ષમ્ય માત્રાથી ઓછો (૦ થી ૧ ગ્રેડ પ્રતિ છોડ) હતો. બીટી સંકર જાતોમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ ૨૦ ફુલોમાં ૨ ઈયળો જેટલો નોંધાયેલ હતો. જીવાણુથી થતાં પાનનાં ખૂણિયાં ટપકાંનો રોગ અને પાનનાં બળીયા ટપકાંનો રોગનો ઉપદ્રવ છુટો–છવાયો નોંધાયેલ છે.

| **નોંધ** | | | | | |
|---|---|---|---|---|---|
| વરસાદ (મીમી) | < ૫ | ૫–૨૦ | ૨૦–૫૦ | ૫૦–૮૦ | > ૮૦ |

સ્ત્રોત : http://nwp.imd.gov.in/bias/dist_fcst.htm